**સ્પે. દિવાની મુકદ્દમા નં.૦૯/૨૦૨૨**

**આંક–૪૪ લગત હુકમઃ**

(૦૧) હાલની અરજી સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ હેઠળ આપી હાલની અદાલત દ્વારા તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ આંક–૫ હેઠળ કરેલ હુકમ રદ્દ કરવા માટે અનુરોધ કરેલ છે. અરજીની સંક્ષિપ્ત વિગત જોવામાં આવે તો પ્રતિવાદી પક્ષે રજુઆત રહેલ છે કે, હાલની અદાલતનો હુકમ પ્રતિવાદીની જાણમાં ક્રિમીનલ પરચુરણ અરજ નં.૦૧/૨૦૨૩ (સ્પે. ક્રિમીનલ પ.નં.૮૧૭૨/૨૦૨૨) તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ દાખલ કરતાં જાણમાં આવેલ છે. વાદીની તરફેણમાં તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. તે હુકમ વિરૂદ્ધ પ્રતિવાદી નં.૧ વાળાએ અપીલ ફ્રોમ ઓર્ડર ૧૭૨ દાખલ કરેલ. પ્રતિવાદી પક્ષે રજુઆત છે કે, આંક–૫ નો નિર્ણય એકતરફી કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧ વાળાએ કોઈ જવાબ રજુ રાખેલ નથી. હુકમ થયા બાદ પ્રતિવાદીનો જવાબ રેકર્ડ પર લેવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧ ની રજુઆત છે કે, વાદીએ આંક–૫ ની મનાઈ અરજી દાખલ કરી ત્યારે કેટલીક હકીકત નામદાર કોર્ટના રેકર્ડ પર લાવવામાં આવેલ નથી, તેમજ ખોટી રજુઆત કરી, ખોટું સોગંદનામું રજુ કરી, મનાઈ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ મેળવેલ હોઈ, સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ હેઠળ રદ્દ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં.૧ ની રજુઆત છે કે, આ કામના વાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. ક્રિમીનલ અ. નં.૮૧૭૨/૨૦૨૨ ના તા.૦૪/૦૮/૨૦૨૨ ના હુકમની હકીકત નામદાર કોર્ટ સમક્ષ છૂપાવી છે. જેથી, તે મુદ્દા ઉપર વાદીની આંક–૫ ની અરજી રદ્દ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં.૧ નું કહેવાતું

બાનાખત તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજનું છે, જ્યારે વેચાણ દસ્તાવેજ તા.૨૧/૧૦/૨૦૧૨ ના રોજનો છે. રૂા.૩,૦૩,૦૦,૦૦૦/– ની માતબર રકમના ચેક આપેલા છે. જે ચેક વાદી પાસે હોવા છતાં જમીનના ભાવ વધી જવાથી ચેક બેંકમાં જમા કરાવેલ નથી. પ્રતિવાદી નં.૧ તમામ રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા તૈયાર છે. પ્રતિવાદી નં.૧ ની વિશેષમાં રજુઆત છે કે, વાદીએ વેચાણ નોંધ નં.૧૧૬૪૧ સામે તકરાર લીધેલી. તે તકરારી કેસ નં.૬૦/૨૦૧૬ ના હુકમની જાણ કરેલ નથી, તેમજ તે હુકમ સામે આર.ટી.એસ. અપીલ નં.૧૭૪/૨૦૨૧ દાખલ કરેલ. જે અપીલ તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ રદ્દ કરવામાં આવેલ છે. તે હકીકત પણ રેકર્ડ પર રજુ રાખેલ નથી. આ ઉપરાંત, સરકારશ્રીમાં રીવીઝન અરજી નં.૫૫/૨૦૨૩ દાખલ કરેલ, તે હકીકત પણ નામદાર કોર્ટના ધ્યાન ઉપર લાવવામાં આવેલ નથી. આ તમામ હકીકત છૂપાવીને આંક–૫ હેઠળ ખોટું સોગંદનામું કરી, તેમજ સત્ય હકીકત છૂપાવી મનાઈ હુકમ મેળવેલ હોઈ, સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ હેઠળ આંક–૫ નીચે થયેલ હુકમ રદ્દ કરવા માટે અનુરોધ કરેલ છે.

(૦૨) વાદી પક્ષે પ્રતિવાદીની અરજીનો લેખિત જવાબ આંક–૪૭ થી આપેલ છે. વાદી પક્ષે લેખિત જવાબની વિગતે કથન રહેલ છે કે, દાવાના કામે પ્રતિવાદી નં.૧ વાળાએ વિ.વ.શ્રી એમ. ટી. પટેલને પોતાના વકીલ તરીકે એપોઈન્ટ કરેલ છે અને આંક–૧૬ થી વિ.વ.શ્રી એમ. ટી. પટેલનું વકીલાતનામું રેકર્ડ પર રજુ છે. પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રીએ રેકર્ડ ઉપર અલગ–અલગ આંકથી મુદ્દત અરજીઓ આપેલ છે અને નામદાર કોર્ટ દ્વારા મનાઈ અરજીના જવાબ માટે પુરતી તકો આપવામાં આવેલ છે અને ત્યારબાદ

જવાબનો હક્ક બંધ કરેલ છે. નામદાર કોર્ટ દ્વારા મનાઈ અરજીની સુનાવણી ગુણદોષ ઉપર કરી, હુકમ ફરમાવવામાં આવેલ છે. વાદીએ દાવામાં સત્ય રજુઆત કરેલ છે. ખોટી રજુઆત અને ખોટું સોગંદનામું પ્રતિવાદી નં.૧ વાળાએ કરેલ છે. વાદી તરફે રજુઆત છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ વિરૂદ્ધ કલેક્ટરશ્રીના આદેશ મુજબ તપાસ કરવામાં આવેલ અને તપાસના અંતે ગુન્હો દાખલ કરવામાં આવેલ અને ઈ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) અને લેન્ડ ગ્રેબીંગ એક્ટની કલમ–૪(૩) મુજબની એફ.આઈ.આર. નં.૧૧૨૧૬૦૨૫૨૨૦, તા.૦૮/૦૬/૨૦૨૨ થી દાખલ થયેલ અને નામદાર કોર્ટમાં દાવો તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ છે. પ્રથમ દાવો દાખલ થયેલ છે અને ત્યારબાદ એફ.આઈ.આર. દાખલ થયેલ છે. જેથી, વાદીએ કોઈ જ હકીકત છૂપાવેલ નથી. લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ ઉપર સ્ટે આવતાં વાદીએ આઈ.પી.સી. હેઠળ તપાસ કરવાની માંગ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આઈ.પી.સી. હેઠળના ગુન્હામાં તપાસ કરવા માટે પરવાનગી આપેલ છે. પ્રતિવાદીના જણાવ્યા મુજબનું તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજનું કોઈ બાનાખત હાલના દાવાના કામે રજુ રાખવામાં આવેલ નથી. આ કામના પ્રતિવાદી નં.૧ વાળાએ બોગસ પાવર ઓફ એટર્ની ઉભો કરી, પોતાની તરફેણમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લીધેલ છે. જેની ફોજદારી તપાસમાં નોટરી એડવોકેટશ્રી વી. એસ. વ્યાસનું નિવેદન લેતાં બનાવટી સહી અને બનાવટી રાઉન્ડ સીલનો ઉપયોગ થયેલ હોવાની હકીકત તપાસ દરમિયાન ખૂલવા પામેલ છે. જેથી, પાવર ઓફ એટર્ની ખોટું અને બોગસ ઉભું કરવામાં આવેલ હોવાની હકીકત પ્રથમ દર્શનીય સાબિત થાય છે. આ ઉપરાંત, વાદીએ ખોટી અને બોગસ સહી સંબંધે હેન્ડ–

રાઈટીંગ એક્ષપર્ટનો ઓપીનીયન પણ મેળવેલ છે. નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ સંપૂર્ણ ગુણદોષ પર કરવામાં આવેલ હોઈ, પ્રતિવાદી નં.૧ ની અરજી ખર્ચ સહિત રદ્દ કરવા માટે અનુરોધ કરેલ છે.

**(૦૩) નીચેની બાબત બિનતકરારી છે.**

(i) વાદીએ હાલનો દાવો તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ છે.

(ii) વાદીએ હાલનો દાવો તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સબ–રજીસ્ટ્રાર કચેરી, કલોલ ખાતે નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૪૮૧૦ રદ્દ ફરમાવવા માટે તેમજ અમદાવાદના નોટરી એડવોકેટશ્રી જી. એસ. વ્યાસના નોટરી સીરીયલ નં.૩૪૬/૨૦૧૯, તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજનો જનરલ પાવર ઓફ એટર્ની મૂળથી અને શરૂઆતથી ખોટું અને ગેરકાયદેસર છે તેવું ઠરાવી લેવા હાલનો દાવો દાખલ કરેલ છે.

(iii) દાવાના કામે પ્રતિવાદી નં.૧ ને ધોરણસર નોટીસ બજી ગયેલ છે અને પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી એમ. ટી. પટેલ દ્વારા આંક–૧૬ થી પોતાનું વકીલાતનામું રજુ રાખેલ છે.

(iv) તા.૧૬/૦૬/૨૦૨૩ ના રોજ હાલની અદાલત દ્વારા આંક–૧ લગત હુકમ કરી, તેમજ હુકમમાં દાવા જવાબ રજુ રાખવા માટે ***"પ્રતિવાદીને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં દાવા જવાબ રજુ રાખેલ નથી"*** તેવા તારણ સાથે પ્રતિવાદી નં.૧ નો દાવા જવાબ રજુ રાખવાનો હક્ક બંધ કરવામાં આવેલ અને મનાઈ અરજીની સુનાવણી હાથ ધરવાનો

હુકમ કરવામાં આવેલ. હાલની અદાલત દ્વારા વાદી વકીલશ્રી આર. કે. પંજાબીની વિસ્તૃત દલીલો તેમજ કેસના ગુણદોષ ચકાસી તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ આંક–૫ ની મનાઈ અરજી લગત હુકમ પારિત કરવામાં આવેલ અને પ્રતિવાદી વિરૂદ્ધ દાવાવાળી મિલકતના કબજા અને ટાઈટલની સ્થિતિ દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન યથાવત જાળવી રાખવી તેવો હુકમ કરવામાં આવેલ.

**(v)** આ કામના પ્રતિવાદી નં.૧ વાળાએ તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ આંક–૩૮ થી પોતાનો દાવા જવાબનો હક્ક ખોલવા માટે અરજી આપવામાં આવેલ. જે અરજી ઉપર તા.૨૨/૦૮/૨૦૨૩ ના રોજ હાલની અદાલત દ્વારા હુકમ કરી, દાવા જવાબનો હક્ક ખોલવામાં આવેલ અને હુકમ અનુસંધાને પ્રતિવાદી નં.૧ વાળાએ આંક–૪૨ થી પોતાનો દાવા તથા મનાઈ અરજીનો એકત્રિત જવાબ રજુ રાખેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ વાળાએ આંક–૫ લગત થયેલ હુકમને રદ્દ ફરમાવવા માટે હાલની સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ મુજબની અરજી આપેલ છે.

(૦૪) સૌપ્રથમ, સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ ની જોગવાઈ જોવી જરૂરી છે. જે રેડી–રેફરન્સ હેતુ નીચે મુજબ રજુ રાખેલ છે.

> **Order XXXIX Rule-4 : Order for injunction may be discharged, varied or set aside.-** Any order for an injunction may be discharged, or varied, or set aside

by the Court, on application made thereto by any party dissatisfied with such order :

[Provided that if in an application for temporary injunction or in any affidavit supporting such application, a party has knowingly made a false or misleading statement in relation to a material particular and the injunction was granted without giving notice to the opposite party, the Court shall vacate the injunction unless, for reasons to be recorded, it considers that it is not necessary so to do in the interest of justice:

Provided further that **where an order for injunction has been passed after giving to a party an opportunity of being heard, the order shall not be discharged, varied or set aside has been necessitated by a change in the circumstances, or unless the Court is satisfied that the order has caused hardship to that party.]**

(૦૫) સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ ની જોગવાઈ જોવામાં આવે તો જ્યારે મનાઈ હુકમ મેળવનાર પક્ષકારે જાણી જોઈને ખોટી માહિતી રજુ કરેલ હોય અથવા મહત્વની હકીકત છુપાવી મનાઈ હુકમ મેળવેલ હોય અને એકતરફી મનાઈ હુકમ મેળવેલ હોય તો તેવો મનાઈ હુકમ વેકેટ કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. રૂલ–૪ નો પ્રોવીઝો જોવામાં આવે તો જ્યારે પક્ષકારને સાંભળવાની તક આપવામાં આવેલ હોય અને ત્યારબાદ મનાઈ હુકમ પારિત કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં મનાઈ હુકમ સેટ–અસાઈડ થઈ શકે નહિ, સિવાય કે, અદાલત તેવા મંતવ્ય ઉપર હોય કે પક્ષકારને બિનજરૂરી હાર્ડશીપ ભોગવવી પડશે. હાથ પરના કેસમાં પ્રથમ તબક્કે એકતરફી મનાઈ હુકમ આપવામાં આવેલ નથી. પ્રતિવાદીને દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરવાની પુરતી તક આપવામાં આવેલ છે. પુરતી તક આપ્યા બાદ પ્રતિવાદીએ કોઈ

કાળજી ન લેતાં પ્રતિવાદીનો હક્ક બંધ થયેલ છે. જેથી, એકતરફી મનાઈ હુકમ આપેલ હોવાનું કહી શકાય તેમ નથી. જેથી, સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ મુજબ પારિત થયેલ મનાઈ હુકમ સેટ–અસાઈડ કરી શકાય તેવી કોઈ પરિસ્થિતિ નથી.

(૦૬) પ્રતિવાદી પક્ષે રજુ રાખેલ દાવા તથા મનાઈ અરજીનો જવાબ ધ્યાને લઈ, તેમજ પ્રતિવાદી પક્ષની રજુઆતો ધ્યાને લઈ, પુનઃ મનાઈ અરજીના ગુણદોષ જોવામાં આવે તો વાદીએ અદાલતને ગુમરાહ કરેલ હોય કે કોઈ મહત્વની હકીકત છૂપાવેલ હોય તેમ નથી. પ્રતિવાદી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબની એફ.આઈ.આર. થયેલ છે. આ ઉપરાંત, વાદગ્રસ્ત પાવર ઓફ એટર્નીના દસ્તાવેજ ઉપર એડવોકેટ એન્ડ નોટરી શ્રી જી. એસ. વ્યાસનો સ્ટેમ્પ મારવામાં આવેલ છે. એડવોકેટ એન્ડ નોટરી શ્રી જી. એસ. વ્યાસનું સીટ સમક્ષ સીટ કેસ નં.૮૬/વશી/૩૩૯/૨૦૨૩ ના કામે લેવામાં આવેલ નિવેદન દાવાના કામે રજુ થયેલ છે. જે નિવેદન મુજબ એડવોકેટશ્રી જી. એસ. વ્યાસ દ્વારા સ્પષ્ટ નિવેદન આપવામાં આવેલ છે કે, વાપરવામાં આવેલ રાઉન્ડ સીલ તદ્દન બનાવટી છે. પાવર લેનાર કે પાવર આપનારને તેઓ ઓળખતાં નથી. આમ, પ્રથમ દર્શનીય રીત પ્રતિવાદીએ પાવર ઓફ એટર્નીનો દસ્તાવેજ ખોટો બનાવેલ હોવાની આશંકાને નિર્મૂળ અને નાબૂદ કરી શકાય તેમ નથી. પ્રતિવાદી પક્ષના વિ.વ.શ્રીની રજુઆત એવી રહેલ છે કે, એડવોકેટ એન્ડ નોટરીશ્રી જી. એસ. વ્યાસનું સીટ સમક્ષનું નિવેદન હાલના તબક્કે ગ્રાહ્ય રાખી શકાય નહિ. પ્રતિવાદી વ.શ્રીની ઉપરોક્ત રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તેનું સીધું કારણ એવું છે કે, એડવોકેટ એન્ડ નોટરી શ્રી જી. એસ. વ્યાસનું સીટ સમક્ષનું નિવેદન તે નિવેદન

રહેલ છે, તે કબુલાત નથી. જો ગુન્હાની કબુલાત હોય તો એમ સમજી શકાય કે, પોલીસ સમક્ષની કબુલાત ગ્રાહ્ય રાખી શકાય નહિ પરંતુ, જ્યારે એડવોકેટ એન્ડ નોટરી દ્વારા સીટ સમક્ષ નિવેદન આપવામાં આવેલ છે ત્યારે એમ કહી શકાય નહિ કે, તે પુરાવામાં એડમીસીબલ નથી. આમ, પ્રથમ દર્શનીય રીતે પ્રતિવાદીએ પાવર ઓફ એટર્નીનો દસ્તાવેજ ખોટો અને બનાવટી બનાવેલ હોવાની હકીકત વાદી પક્ષ એસ્ટાબ્લીશ કરી શકેલ છે. બીજો મહત્વનો પુરાવો જોવામાં આવે તો આ કામે વાદી દ્વારા માર્ક–૩૫/૧ થી હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટનો ઓપીનીયન રજુ રાખેલ છે. જે ઓપીનીયનમાં પણ વાદીની સહી બનાવટી હોવાની હકીકત ખૂલવા પામેલ છે. ઉપરોક્ત મજબૂત અને મહત્વના પુરાવાનો ખંડનાત્મક પુરાવો પ્રતિવાદી પક્ષ રજુ કરી શકેલ નથી. આમ, સમગ્ર રીતે જોતાં હાલના દાવાના કામે આંક–૫ નીચે પારિત થયેલ મનાઈ હુકમ સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ–૪ મુજબ સેટ–અસાઈડ થઈ શકે તેમ નથી. પ્રતિવાદીની અરજી રદ્દ થવાને પાત્ર હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

➢ **પ્રતિવાદી પક્ષની હાલની અરજી ખર્ચ સહિત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ તારીખ ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| તા.૦૮/૦૭/૨૦૨૪<br>સ્થળઃ કલોલ. | **( આશિષકુમાર નગીનભાઈ પટેલ )**<br>**મુખ્ય સીનીયર સિવિલ જજ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00935** |